12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

## ઊમૂર દીનીયાહ

અંક 7 | ઝીલહીજજતીલ હરામ 1442 હી. | ગુજરાતી



દુનિયામાં જેટલી પણ મસ્જિદો છે- ભલે તે યમનનાં પહાડોમાં ઘણી નાની હોય, અથવા જામેઅ મસ્જિદ હોય જેના મિનારા આસપાસના ઘરોમાંથી નજર આવતા હોય, તે બધામાં એક વસ્તુ સરખી છે, તે દરેક મસ્જિદોના કિબ્લા એક જ કાબા તરફ છે. આ રીતે અલગ અલગ અનોખી, ખૂબીદાર મસ્જિદોની એક જ કાબા તરફ દિશા હોવી તે આપણને ખુદા તઆલાની યાદ અપાવે છે.

ઉમૂર દીનીયાહનો એજ હેતુ છે કે તમામ વસ્તુઓ- જે દુનિયાની હોય કે આખેરતની હોય, તેને ખુદા તઆલાના નૂરમાં જોવી, જેનાથી ખાવાપીવા-નિકાહ અને વેપાર જેવા દરેક દુનિયાના કાર્યો પણ ખુદા તઆલાની ઈબાદત અને તાઅત બની જાય છે, આ અર્થથી મસ્જિદો અને ઉમુર દિનીયાહ બંને આપણને એમ શિખવાડે છે કે હંમેશા આપણા દરેક વિચારોમાં, વાણીમાં અને વર્તનમાં ખુદા તઆલાને આપણાં સામે રાખીએ.

અલ જામેઅ અનવરના મેહરાબ - તસ્વીર: મુલ્લા મુસ્તફા ભાઈ જરમા

# ચલો કરબલા ની મજાલિસ સજાવો

લખનાર - બતૂલ મુ. મુરતઝા ભાઈ

મેં ઘણાં ઘરોમાં જોયું છે, કે લોકો તેમના ઘરને,તેમના શૈક્ષણિક ડિગ્રીના ફોટો ફ્રેમથી, અથવા આકા મૌલાના હાથ મુબારક દ્વારા લખેલી બિસ્મિલ્લાહ અથવા કોઈ આયતની ફોટો ફ્રેમથી સજાવટ અને તઝિન કરે છે. મેં માતાપિતાનું પણ અવલોકન કર્યું છે, કે તેઓ હંમેશાં તેમના બાળકોના કલ્યાણ વિશે વિચારે છે, અને હંમેશા તેઓને શ્રેષ્ઠ સુવિધા આપવા માંગે છે. આ બધુ એમ બતાવે છે કે,જેનું મહત્ત્વ તમારી નજીક વધુ હશે, તે વસ્તુઓ વધુ ધ્યાન અને આરાધના ને પ્રાપ્ત કરશે.

તેવી જ રીતે એક વ્યક્તિ કોઈ પ્રસંગ અથવા મેળાવડા માટે સંપૂર્ણ તૈયારી ક્યારે કરશે? જો તેની નજીક તેનું મહત્વ ખૂબ હશે.તે પ્રસંગ માટે, તે વ્યક્તિ નવા કપડા તૈયાર કરશે, સારા ઇતરનો ઉપયોગ કરશે અને તે પ્રસંગ માટે તેના દેખાવ પર પણ કામ કરશે.

આ અવલોકન કરીને,હું એક નિષ્કર્ષ પર આવ્યો, કે આ તૈયારી અને તઝિન, તેની નજીક, તે વ્યક્તિ, પ્રસંગ અથવા સ્થળની મહત્ત્વને દર્શાવે છે.



ફરઝંદો અશરા મુબારકા વાસતે તઝીન તય્યાર કરી રહયા છે.
ફોટો - શેખ તાહેર ભાઈ દીસાવાલા.

પછી મેં વિચાર્યું કે અવલિયાઉલ્લાહ પણ મસાજિદ, મકામાત મુકદ્દાસા અને અવલિયાઉલ્લાહ ના કુબ્બા મુબારકા, ની તઝિન માટે ખૂબ કાળજી લે છે,જે આ સ્થાનો પ્રત્યે તેમના પ્રેમ અને આદર દર્શાવે છે,અને મુમિનીન ના હૃદય પર આધ્યાત્મિક અસર પેદા કરે છે.

ઉદાહરણ તરીકે દર વર્ષે બૈતુલ્લાહનું કિસ્વત (પરદો) 120 કિલો સોનું, 100 કિલો ચાંદી, 670 કિલો રેશમનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.

ઇતિહાસમાં ઉલ્લેખ છે કે ઇમામ મોઇઝ એ કાબાની અંદરની કિસ્વત મોકલી છે, જે કિંમતી ઝવાહેરાત, સોના અને ચાંદીથી સજ્જ હતી. તેવી જ રીતે મસાજિદમાં આપણે જોઈએ છીએ કે આયાતો, અસમાઉલ્લાહ, યાહુસૈન ના નામ ની તકતી, યા સૈયદસ શોહદાઇ અને કુલકુલ હુસૈન ના મર્સિયા સોનાથી અંકિત હોઇ છે, જે ઇબાદતનું વાતાવરણ બનાવે છે, અને જે મસ્જિદમાં આવે છે તેના હૃદય પર આધ્યાત્મિક અસર બનાવે છે.

કાબાની કિસ્વત જોઈને મારા મનમાં વિચાર આવ્યો કે જેમ કાબા ઇમામ હુસૈન નાં ગમ માં કાળો કિસ્વત પહેરેલો છે, તેવી જ રીતે અશરાહ મુબારકામાં આપણે પણ આપણા કપડા, આપણી ટોપી અને દરેક વસ્ત્રો એવી રીતે તૈયાર કરવા જોઈએ,જે ઇમામ હુસૈન તરફ આપણો ગમ દર્શાવે. ખાસ કરીને અશરાહ મુબારકામાં મસ્જિદ, મર્કઝ અથવા આપણા ઘરોમાં કરવામાં આવતી

તઝિન ઇમામ હુસૈન પર હુઝન અને બુકાનું વાતાવરણ બનાવે છે.

દોઆત મુતલકિનીના સતત પ્રયત્નો ના કારણે, દર વર્ષે ઇમામ હુસૈન ની મજાલિસ પ્રત્યે મુમિન નો ઉત્સાહ સતત વધી રહ્યો છે. ખાસ કરીને સૈયદના મોહમ્મદ બુરહાનુદીન નો યુગ માતમ અને ઇમામ હુસૈન ના બુકામાં તાજ પર રત્ન તરીકે ગણી શકાય છે. આપયે દાવતના આંગણને આવા દુશ્મનોથી પાક કરી દીધા, જે મુમિનીન ને ઇમામ હુસૈન ના માતમ કરવાથી રોકતા હતા અને જે લોકો ઇમામ હુસૈન નો માતમ કરતા હતા તેમની દુષ્કર્મ કરતા હતા.

આપણા દોઆત મુતલકિન ના આ બધા પ્રયત્નોને લીધે,આજે મુમિનીન ઇમામ હુસૈન ની મજાલિસ માટે એક રીતે એહવા તૈયાર છે, કે મહિનાઓ પહેલા તેઓ તેના ઘર,મસ્જિદ, મરકઝ, મા અશારા મુબારકા માટે તૈયારી શરૂ કરે છે,અને આ તૈયારી દર વર્ષે વધતીજ રહે છે.

રસુલલ્લાહ જણાવે છે કે જે ઇમામ હુસૈન પર રોય, યા રુલાવે, અને જો રોવૂ ના આવે તો રોવા જેવો ચહેરો બનાવે, તે જન્નત મા દાખીલ થઈ ગયો.

જેમને મૌલા અશરા મુબારકામાં વાઅઝની રઝા આપે છે, તે તખત પર બેસીને હુસૈન ઇમામ ની ગમનાક ઝિકર કરી મુમેનિન ને રુલાવે છે ,કોઈ ઝાકીર એ હુસેન બની ને ગમનાક અન્દાઝ મા મર્સિયાહ પરી ને મુમિન ને રુલાવે છે. અને કોઈ મજલિસમાં નોહા અને અવિલ ને ઝાહીર કરીને ઘણા મુમિનીન ને ઇમામ હુસૈન નાં ગમ માં ગમગીન કરે છે.

તેવી જ રીતે જ્યારે પણ કોઈ મુમિન મજલિસ માટે પોતાના કપડાં તૈયાર કરે છે, યા હુસૈન ના નામનો બાઝુબંદ બાંધે છે, અને તેના ઘરને ઇમામ હુસૈન ના નામ ના અલમ અને વાવ્તા સી તઝિન કરે છે, પછી તેને પણ અબકા - જેનો અર્થ યે છે કે જે ઇમામ હુસૈન ના ગમમાં અન્ય મુમિનીન ને રુલાવે - એહના જૂથમાં ગિનાઈ છે.

આમ આપણે ઇમામ હુસૈનના ગમ માટે જે તૈયારી કરીએ છીએ, અને આપણા શરીરને, નફસ અને આસપાસ ના માહોલ ને સજાવટ કરીએ છીએ, તે આપણા નફસને અનિવાર્ય બનાવે છે. જેની ઝિકર સૈયદના મુફ્દ્દલ સૈફુદ્દીન આકા યે આપના મર્સિયાહ મા ફરર્માવી છે.

اٰذكرسي جانوني روزي كماؤ

تمارا نفوس ني قيمة بڑھاؤ

نے قوم بواهرني عزة ودھاؤ

موالي نا فرمان ماتھے چڑھاؤ

چلو كربلاء ني مجالس سجاؤ چلو! اے پيارا عزيزو چلو!

અલ્લાહ અપને ઇમામ હુસૈન ની મજલિસ ને બધા પ્રકારોસી ધ્યાન પૂર્વક સજાવનાર કરે.અલ્લાહ અપના મૌલા જે અપના નફસને ઇમામ હુસૈન ની ઝિકર સી અમુલ્યા બનાવી દીધા છે- આપ મૌલા ની ઉમર શરીફ ને ક્યામાત ના દીવસ લગ દરાઝ કરે.



ફરઝંદો અશરા મુબારકા વાસતે તઝીન તય્યાર કરી રહયા છે.
ફોટો - શેખ તાહેર ભાઈ દીસાવાલા.

# આલમે ઈમાનમાં ઉમુર દીનીયાહની એક ઝલક

## તૈસીરુન નિકાહ કમિટી ખિદમત

## જામનગર

જામનગર જમાઅત મુમેનિનને નિકાહ બાબત ઘણા નિયમનકાર પદ્ધતિથી મદદ કરે છે, જ્યારથી મુમેનીન નિકાહ માટે રજીસ્ટર થાય છે અને જ્યાર સુધી તેમની શાદી થાય- એક TNC ના મેમ્બર તેમની સફરમાં તેમના સાથે ટેગ થઈ જાય છે, જે દરેક મુમેનિનને રસમો બરાબર અદા કરવામાં મદદ કરે છે, મુમેનીનને કોઈ પણ પ્રકારની મુશ્કિલોનો સામનો ના કરવો પડે તે માટે રસમો નો બધો સામાન એકઠો કરી પહોંચાડી આપે છે, TNC ના મેમ્બર તેમને શાદી પછી પણ પરામર્શ બાબત મદદ કરે છે.

ITS ના ડાટા એમ બતાવે છે કે

**3,07,037**

મૂમેનીન કરબલા મોઅલ્લા ની ઝયારત સી બેહરવર થઈ ચુકા છે.

## લિબાસૂલ અનવરના લીધે મુમેનીનનું અનોખાપણું

## નૈરોબી



નૈરોબીમાં મજાલીસ અકદ થાય છે તો તેમાં એક અનોખાપણું નજર આવે છે, દરેક મૂમિન બાલિગને પાઘડી અથવા ફેટો જેમ રઝા હોય એમ પહેનવું ફરજિયાત હોય છે, અને જે મુમેનીન નૈરોબી જાય છે તે બધા પણ આ નિઝામથી માહિતગાર છે કે મજાલીસ અથવા દરિસમાં પાઘડી અથવા ફેટો જરૂરી છે , આ રીતે અમલ કરીને તે બધા- મૌલાએ જે લિબાસૂલ અનવર ઇનાયત કીધા છે તેની હૂરમતને જાળવી રાખી છે, આ અનોખો વિચાર જેનાથી એકતા ખબર પડે છે. તેમાં એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ઘટના છે. 1960-70 માં મુનાફેકીનની ફિતનત આફ્રિકામાં તોફાનની જેમ આવી, તે વખતે નૈરોબીના મુખલેસીન મુમેનીન લિબાસૂલ અનવરને રોજબરોજના પહેરવેશમાં અપનાવ્યું, જેનાથી મુમેનીનનું અનોખપણું નજર આવવા લાગ્યું અને બધા મુનાફેકીનથી અલગ થઈ ગયા, અને તે આદત પ્રમાણે આજ સુધી અમલ થાય છે.

## બુરહાની કરબલા સ્કીમ

## પાલિતાણા

મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) ની ઉમ્મીદ છે કે દરેક મૂમિન પોતાની ઝીંદગીમાં એક વાર તો ઈમામ હુસૈન (અ.સ.)ની ઝયારતના અઝીમ શરફથી ખાસ થાય, આ ઉમ્મીદ મુબારકના મદ્દે નજર બુરહાની કરબલા સ્કીમ હેઠળ હમણાં સુધી 155 મુમેનીનને કરબલા મોઅલ્લા ની ઝયારત નસીબ થઈ છે અને એજ રીતે 82 મુમેનીનની પંજતન પાક (સ.અ.વ.)ની ઝયારત માટે પ્લાનિંગ શરૂ છે, આ સ્કીમ હેઠળ મુમેનીનને 60 મહિના માટે કરઝન હસનાહ આપવામાં આવે છે, જેથી મુમેનીન પોતાના માલ માંથી ઈમામ હુસૈન (અ.સ.)ની ઝયારતથી બેહરવર થઈ શકે.

## તજહીઝ અને તકફિનનું અમલ

## મુંબઈ

મુંબઇમાં હિઝબુલ હુદા સોસાઈટી ઘણા સમયથી તજહીઝ તકફિનનું અમલ કરી રહ્યા છે, કોઈ મૂમિન ગુજરી જાય તો તેના ઘરના લોકો ફોન કોલ અથવા તેની ઓફિસમાં જઈને જાણ કરી શકે છે. હિઝબુલ હુદાના મેમ્બરો એમ કોશિશ કરે છે કે 7 થી 8 કલાકમાં તજહીઝ તકફિનનું અમલ થઈ જાય, અને ગુજરનારના ઘરના લોકોનું દરેક અમલ સહેલાઈથી થઈ જાય.

# ખિદમતગુઝારની ઝબાની

## મજમુઈ શાદી - શાહો જેવી શાદી



### શેખ મન્સૂરભાઈ જાનુવાલા - અલ જામેઅતૂસ્ સૈફિયાહ (મરોલ)

સાગવાડામાં 1427 અને 1428 હી ના વચ્ચે 40 મજમુઈ (સામૂહિક) શાદી થઈ, પૂરા વરસ દરમિયાન જે પણ શાદી થવાની હતી તેને એક પ્રોગ્રામમાં આયોજિત કરવામાં આવી. શાદી કેટલી શાનદાર થઈ તે સમજાવવા માટે - સામાન્ય રીતે એક શાદીના પ્રોસેશનમાં 180 - 200 લોકો શામિલ થતાં હતા, અને મજમુઈ શાદીમાં પૂરૂં ગામ પ્રોસેશનમાં શામિલ થયું. સાગવાડાના ચારે મોહલ્લાહમાં મિલાદની જેમ ડેકોરેશન થયું અને ગામમાં વસનારાઓ અને મહેમાનો માટે 2 દિવસ અને 2 રાત ફાખીર જમણો થયાં. આ મજમુઈ શાદીથી એમ સાબિત થયું કે આ રીતે કરવાથી ઘણી ખૂબીદાર શાદી કરવું આર્થિક રીતે ઘણું સહેલું થઈ જાય છે.

કુલ ખર્ચ-જમાઅતની લાગત થી બેન્ડ સુધી, તેમજ ફૂલના હારનો ખર્ચ મજમુઈ આવકમાંથી કરવામાં આવ્યો. માનસિક રીતે દરેક ઘરને એમ શોખ હોય કે અમારા નિકાહ પહેલાં થાય અથવા અમારો ઘોડો આગળ ચાલે, તો તે બાબતમાં ચિઠ્ઠી ઉપાડવામાં આવી અને પરિણામથી બધા ઘણા ખુશ થયાં. આ રીતે શાદીના જશનો કરવું ઘણું કામયાબ રહ્યું અને ખૂબીદાર પ્રોગ્રામોથી મુમેનીન ઘણા ખુશ થયાં. આ રીતે મામૂલી ખર્ચમાં આટલી ખૂબીદાર શાદી થઈ શકે એમ કોઈ વિચાર પણ ના કરી શકે. તે સાથે મૌલાની દુઆ મુબારકના લીધે નાનામાં નાનો પરિવાર પણ શાહોની જેમ શાદી કરી શક્યા.

## ઝાકેરીન માટે 9 સલાહ



### મુલ્લા મુરતઝાભાઈ સીદપૂરવાલા - જનાહલ તરન્નુમ (સુરત)

જે મુમેનીનને ઝીકરે હુસૈન (અ.સ.)નો શોખ છે તે બધાની તીલાવત બેહતર થાય તે માટે મમલુકે સૈયદના (ત.ઉ.શ.) આ રીતે અભિપ્રાય આપું છું.

1. **અવાજને સારો કરવા માટે રોજ પ્રેક્ટિસ કરવું**
   breathing exercise જેવી સહેલી કસરતથી પણ અવાજમાં ઠરાવ આવે છે.
2. **સૌતુલ ઈમાનના ઓડિયોને સાંભળવું**
   આ રીતે સાંભળીને ઘણું સારું શીખી શકાશે, અને ear training થાય છે- જે પડવા માટે ઘણું જરૂરી છે.
3. **યોગ્ય કલામને પસંદ કરવું**
   એવા કલામને પસંદ કરવું જરૂરી છે જે પોતાના અવાજથી અનુકૂળ હોય.
4. **કલામને સમજવું**
   કલામના અર્થને બરાબર સમજવાથી પડતી વખતે એહસાસ થશે, અને સાંભળ-નારના દિલોમાં ઉતરી જશે.
5. **અવાજના યોગ્ય પ્રમાણને ઓળખવું**
   પડતી વખતે ચીખવું નહીં, એજ રીતે whisper ની જેમ પડવાથી પણ અવાજ ખેચાઈ છે- તેથી ધીમા અવાજમાં બોલે પણ whisper ના કરે.
6. **બરાબર આરામ કરવું**
   અવાજની સુધારણા માટે અને શારીરિક તંદુરસ્તી માટે ઓછામાં ઓછી 8 કલાક આરામ કરવું જરૂરી છે.
7. **Chords(તાર)ને hydrated રાખે**
   ઠંડી વસ્તુ અને ઠંડા પીણાં થી પરેજી કરે, તે ગળાંને નુકશાન પહોંચાડે છે.
8. **જેટલો અવાજ નીકળે એટલું જ ખેંચે**
   વધારે જોર આપવાથી ગળું ખરાબ થઈ શકે છે.
9. **શારીરિક કસરત**
   તંદુરસ્તીના કારણે અવાજનું સ્વાસ્થ્ય કાયમ રહે છે અને તેમાં સુધારો આવે છે.

1334H - Surat
1335H - Surat
1336H - Surat
1337H - Surat
1338H - Sidhpur
1339H - Mumbai
1340H - Sidhpur
1341H - Mumbai
1342H - Karachi
1343H - Mumbai
1344H - Mumbai
1345H - Mumbai
1346H - Surat
1347H - Mumbai
1348H - Karachi
1349H - Mumbai
1350H - Mumbai
1351H - Mumbai
1352H - Mumbai
1353H - Karachi
1354H - Surat
1355H - Udaipur
1356H - Madina
1357H - Kapadwanj
1359H - Khambat
1360H - Colombo
1361H - Surat
1362H - Dohad
1363H - Mumbai
1364H - Jharlapatan
1365H - Sidhpur
1366H - Rampura
1367H - Mumbai
1368H - Mumbai
1369H - Surat
1370H - Mumbai
1371H - Mumbai
1372H - Karachi
1373H - Kolkata
1374H - Udaipur
1375H - Karachi
1376H - Sidhpur
1377H - Mumbai
1378H - Mumbai
1379H - Karachi
1380H - Mumbai
1381H - Mumbai
1382H - Karachi
1383H - Sidhpur
1384H - Mumbai
1385H - Karachi
1386H - Mumbai
1387H - Mumbai
1388H - Mumbai

تازہ ترہے شہ سے جگ میں بوستان

# نشان پنجتن


یا حُسَین

اور بلند ہے سنہ جزائر میں

અલ મૌલલ અજલ સૈયદી અબ્દેઅલી ઈમાદુદ્દીન (ક.સ.) એ એમ તસવ્વુર જમ્બાવી છે કે દાઈઝ ઝમાન (ત.ઉ.શ.)ના કારણે પંજતન પાક (અ.સ.) ના પરચમ આલમ મા લહેરાઈ રહ્યા છે. આપણે બધાંએ જોયું છે કે અદ્દાઈલ અજલ સૈયદના તાહેર સૈફુદ્દીન (રિ.અ.), અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રિ.અ.) અને અદ્દાઈલ અજલ સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) એ "ઝીકરે હુસૈન" ના પરચમને આલમ માં લહેરાવી દીદા છે,

નીચે આપેલ નકશામાં નજર આવે છે કે 1333 થી 1442 હી. ના દરમિયાન કયા શહેરને ત્રણ દુઆત મુત્તલકીનના સાથે અશરા મુબારકા નસીબ થયાં છે






1389H - Madina
1390H - Colombo
1391H - Kolkata
1392H - Surat
1393H - Mumbai
1394H - Mumbai
1395H - Mumbai
1396H - Kolkata
1397H - Madras
1398H - Karachi
1399H - Jamnagar
1400H - Mumbai
1401H - Misr
1402H - Misr
1403H - Sidhpur
1404H - Karachi
1405H - Nairobi
1406H - Surat
1407H - Indore
1408H - Karachi
1409H - Mumbai
1410H - Surat
1411H - Darresalam
1412H - Colombo
1413H - Poona
1414H - Mombasa
1415H - Mumbai
1416H - Mombasa
1417H - Karachi
1418H - Surat
1419H - Nairobi
1420H - Colombo
1421H - Surat
1422H - Houston
1423H - Indore
1424H - Mumbai
1425H - Dubai
1426H - Surat
1427H - Mumbai
1428H - Colombo
1429H - Colombo
1430H - Mombasa
1431H - Marol
1432H - Mumbai
1433H - Mumbai
1434H - Surat
1435H - Mumbai
1436H - Surat
1437H - Houston
1438H - Darresalam
1439H - Karachi
1440H - Indore
1441H - Colombo
1442H - Khandala

## મહિનાની પ્રવૃતિ

### રસમોની ક્વિઝ

મુમેનિનની જીંદગીમાં દાઅવતની રસમોનો ઘણો જરૂરી મુકામ છે, અને ઘણીવાર રસમો તેમની જિંદગીમાં ખાસ યાદો બનીને દર્જ થઈ જાય છે,

આપના માટે એક ક્વિઝ તૈયાર કરવામાં આવી છે જે આ વિષયમાં તમારા શોખને વધારશે, શું તમે આ તમામ રસમોના વિષયમાં સાચા જવાબ આપી શકો છો?

**CLICK HERE**
TO ATTEMPT THE QUIZ

## શું તમને ખબર હતી?

અદ દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) 1396 હી. માં મહેરજાન અલઆલમલ ઇસ્લામીના કોન્ફરન્સમાં આલ્બર્ટ હૉલ લંડન પધારા હતા. દુનિયાના મુસ્લેમીનના મોટાઓ અને ઓલમાઓ ચર્ચા માટે ભેગા થયા હતા, કે આ સમયમાં મુસલમાનો શું મુશ્કિલોનો સામનો કરે છે. હવે જયારે નમાઝનો વખત થયો- ત્યારે સૈયદનલ હય્યુલ મુકદ્દસ (રી.અ.) તમામ લોકોના વચ્ચેથી ઊઠીને નમાઝ માટે તશરિફ લઈ ગયા, આ રીતે આપના અમલથી બધા મુસ્લેમીન પર ઘણો અસર થયો.

## ફાયદામંદ કલેમાત




### પૂરેપૂરી બરકત હલાલમાં છે.

## મુમેનીન ના તઅસ્સુરાત

### લાંબી પ્રતિક્ષા

હું હંમેશા દરેક મિકાત પર હઝરત આલિયાહ તરફ જવાની કોશિશ કરું છું, મને ફક્ત મૌલાની એક નઝર મળી જાય તો મારી પૂરી સફર કામયાબ થઈ જાય છે!લોકડાઉનના કારણે હું ઘણા વખતથી મૌલનલ મીનઆમ (ત.ઉ.શ.)ની હઝરત આલિયાહમાં હાજીર ના થઈ શકયો, પણ હું એમ ભરોસો રાખું છું કે આ રીતના હાલાતમાં મૌલાના ફરમાન આલિયાહ પ્રમાણે અમલ કરવું મૌલાની નઝરથી જીતી જવું છે, ખુદા તઆલા આપણે બધાને મૌલાની હઝરત આલિયાહમાં હાજર થવાનું શરફ જલ્દીથી જલ્દી નસીબ કરે.

હાતીમ ફખરી, સુરત

### કપડાં - જેમાં થી ભરોસો મહેકે છે.

મે હમણાં એક નવો વેપાર શરૂ કર્યો છે અને વારંવાર આ વસ્તુનો એહસાસ કર્યો છે કે જે વખતે પણ દીની લિબાસ ટોપી અને કુર્તામાં દુકાન પર જાઉં છે તો ગ્રાહક મારા પર હંમેશા કરતાં વધુ ભરોસો કરે છે, અને મારી વાતનું માન રાખે છે. હું ઘણો ખુશ થાઉં છું કે મૌલા (ત.ઉ.શ.)એ આ મિસલના લિબાસ આપ્યા છે- જેના કારણે હું વેપારમાં ઘણો આગળ થઈ ગયો.

અલઅકમર શબ્બીર સરિયા, રાજકોટ

### ઇમામતની નમાઝનું અઝીમ શરફ

દર વર્ષે શેહરૂલ્લાહમાં હું 5 વખતની નમાઝ મસ્જિદમાં અદા કરતો હતો, અને આ વરસ મને ડર હતો કે મારી જોબ ના કારણે હું અદા નહીં કરી શકું, આવા સમયમાં મૌલાના (ત.ઊ.શ) યે મને ઇમામત કરાવવાના અઝીમ શરફ થી ખાસ કર્યો જેનો મને ખ્યાલ પણ ન્હોતો,

મેં એમ પડ્યું છે કે નમાઝના પડાવનાર તેમના પાછળ પડનારની નમાઝને ખુદા તઆલા તરફ લઈ જાય છે, આ રીતે મોટી નેઅમતનો શુકર હું શબ્દોથી અદા નહીં કરી શકું.

કાઈદ જોહર ફખરી, સુરત

الامور الدينية
جماعة المؤمنين
RELIGIOUS AFFAIRS

سلك حيوة
–SILK-E-HAYAAT–